નફો કર્યો છે. અગાઉના વર્ષના સમાન ગાળામાં કંપનીનો ચોખ્ખો નફો ₹૩.૭૧ કરોડ હતો. સૂચિત ગાળામાં કંપનીની કાર્યકારી આવક અગાઉના વર્ષના સમાન ગાળાના ₹૮૮.૦૭ કરોડથી ઘટીને ₹૮૫.૯૧ કરોડ થઈ છે. કંપનીએ વર્ષ ૨૦૧૨-'૧૩માં ૯ ટકાના ઘટાડા સાથે ₹૧૪.૨૦ કરોડનો ચોખ્ખો નફો કર્યો છે, જે અગાઉના વર્ષે ₹૧૫.૬૨ કરોડ હતો. સૂચિત ગાળામાં કંપનીની કુલ આવક અગાઉના વર્ષના સમાન ગાળાના ₹૩૫૩.૭૪ કરોડથી વધીને ₹૩૮૨.૨૯ કરોડ રહી છે. કંપની બોર્ડે શેર દીઠ ₹ચારના ડિવિડન્ડની જાહેરાત કરી છે. કંપનીનો શેર બીએસઈ પર ૧૧.૫૩ ટકા ઘટીને ૫૬૦.૫૫ રૂપિયાના મથાળે બંધ રહ્યો હતો.

## શ્રી ગણેશ જ્વેલરીનો નફો 11 ટકા ઘટ્યો

**નવી દિલ્હીઃ** શ્રી ગણેશ જ્વેલરી હાઉસે ચોથા ત્રિમાસિક ગાળામાં ૧૧ ટકાના ઘટાડા સાથે કોન્સોલિડેટેડ ધોરણે ₹૧૭૧.૮૬ કરોડનો ચોખ્ખો નફો કર્યો છે. અગાઉના વર્ષના સમાન ગાળામાં કંપનીનો ચોખ્ખો નફો ₹૧૯૪.૧૯ કરોડ હતો. સૂચિત ગાળામાં કંપનીનો ખર્ચ લગભગ બમણો વધીને ₹૩,૫૧૪.૮૧ કરોડ રહ્યો છે, જે અગાઉના વર્ષના સમાન ગાળામાં ₹૧,૮૭૪.૩૬ કરોડ હતો. જોકે, કંપનીની કાર્યકારી આવક અગાઉના વર્ષના સમાન ગાળાના ₹૨,૧૦૫.૯૨ કરોડથી વધીને ₹૩,૭૦૮.૯૪ કરોડ થઈ છે. કંપનીએ વર્ષ ૨૦૧૨-'૧૩માં સાધારણ વૃદ્ધિ સાથે ₹૪૬૮.૮૬ કરોડનો ચોખ્ખો નફો કર્યો છે, જે અગાઉના વર્ષે ₹૪૬૦.૯૭ કરોડ હતો. સૂચિત ગાળામાં કંપનીની કુલ આવક અગાઉના વર્ષના ₹૧૦,૧૨૦.૯૭ કરોડથી વધીને ₹૧૨,૯૭૨.૫૧ કરોડ થઈ છે. કંપનીનો શેર બીએસઈ પર સોમવારે ૦.૨૩ ટકા વધીને ૧૦૭.૬૫ રૂપિયાના મથાળે બંધ રહ્યો હતો.

## લક્ષ્મી વિલાસ બેન્કનો નફો 31 ટકા ઘટ્યો

**નવી દિલ્હીઃ** ખાનગી ક્ષેત્રની લક્ષ્મી વિલાસ બેન્કે ચોથા ત્રિમાસિક ગાળામાં ૩૧.૪ ટકાના ઘટાડા સાથે ₹૧૭.૧૦ કરોડનો ચોખ્ખો નફો કર્યો છે. અગાઉના વર્ષના સમાન ગાળામાં કંપનીનો ચોખ્ખો નફો ₹૨૪.૯૬ કરોડ હતો. બેન્કની ગ્રોસ નોન-પરફોર્મિંગ એસેટ્સ અગાઉના વર્ષના સમાન ગાળાના ૨.૯૮ ટકાથી વધીને ૩.૮૭ ટકા રહી છે. નેટ એનપીએ અગાઉના ૧.૭૪ ટકાથી વધીને ૨.૪૩ ટકા થઈ છે. ત્રિમાસિક ગાળામાં બેન્કની કુલ આવક અગાઉના વર્ષના સમાન ગાળાના ₹૪૬૬.૨૫ કરોડથી વધીને ₹૫૨૦.૮૧ કરોડ થઈ છે. બેન્કે શેર દીઠ ₹૩ના ડિવિડન્ડની જાહેરાત કરી છે. બેન્કે વર્ષ ૨૦૧૨-'૧૩માં ૧૪ ટકાના ઘટાડા સાથે ₹૯૧.૫૭ કરોડનો ચોખ્ખો નફો કર્યો છે, જે અગાઉના વર્ષે ₹૧૦૭.૦૨ કરોડ હતો. સૂચિત ગાળામાં બેન્કની કુલ આવક અગાઉના વર્ષના ₹૧,૬૭૭.૧૮ કરોડથી વધીને ₹૧,૯૫૭.૬૧ કરોડ રહી છે. બેન્કનો શેર બીએસઈ પર સોમવારે ૦.૫ ટકા વધીને ૮૨.૧૦ રૂપિયાના મથાળે બંધ હતો.

## બજાજ ઇલેક્ટ્રિકલ્સનો નફો ગબડીને ₹63 લાખ

**નવી દિલ્હીઃ** એન્જિનિયરિંગ અને પ્રોજેક્ટ સેગમેન્ટના નુકસાનને કારણે બજાજ ઇલેક્ટ્રિકલ્સે ચોથા ત્રિમાસિક ગાળામાં મોટા ઘટાડા સાથે ₹૬૩ લાખનો ચોખ્ખો નફો કર્યો છે. અગાઉના વર્ષના સમાન ગાળામાં કંપનીનો ચોખ્ખો નફો ₹૪૮.૯૯ કરોડ હતો. સૂચિત ગાળામાં કંપનીના એન્જિનિયરિંગ અને પ્રોજેક્ટ સેગમેન્ટનું નુકસાન ₹૫૦.૬૫ કરોડ રહ્યું છે. ત્રિમાસિક ગાળામાં કંપનીની કુલ આવક અગાઉના વર્ષના સમાન ગાળાના ₹૧,૦૫૯.૮૭ કરોડથી વધીને ₹૧,૧૧૩.૭૧ કરોડ થઈ છે. કંપની બોર્ડે શેર દીઠ ₹બેનું ડિવિડન્ડ જાહેર કર્યું છે. કંપનીએ વર્ષ ૨૦૧૨-૧૩માં ₹૫૧.૨૧ કરોડનો ચોખ્ખો નફો કર્યો છે, જે અગાઉના વર્ષે ₹૧૧૭.૮૮ કરોડ હતો. સૂચિત ગાળામાં કંપનીની કુલ કાર્યકારી આવક અગાઉના વર્ષના ₹૩,૦૯૮.૯૬ કરોડથી વધીને ₹૩,૩૮૭.૫૭ કરોડ થઈ છે. શેર બીએસઈ પર સોમવારે ૧.૧૭ ટકા ઘટીને ૧૬૮.૨૫ રૂપિયાના મથાળે બંધ રહ્યો હતો.

## ગલ્ફ ઓઇલનો ત્રિમાસિક નફો 17 ટકા ઘટ્યો

**નવી દિલ્હીઃ** ગલ્ફ ઓઈલ કોર્પોરેશને જાન્યુઆરી-માર્ચ ત્રિમાસિક ગાળામાં ૧૭ ટકાના ઘટાડા સાથે ₹૧૭.૨૮ કરોડનો ચોખ્ખો નફો કર્યો છે. અગાઉના વર્ષના સમાન ગાળામાં કંપનીએ ₹૨૦.૯૩ કરોડનો ચોખ્ખો નફો કર્યો હતો. ગલ્ફ ઓઈલે લ્યુબ્રિકન્ટ્સ બિઝનેસને સ્વતંત્ર કંપની તરીકે લિસ્ટ કરવાનો નિર્ણય લીધો છે. કંપનીએ શેરધારકો માટે શેર દીઠ ₹૨.૨૦નું ડિવિડન્ડ જાહેર કર્યું છે. કંપનીએ વર્ષ ૨૦૧૨-૧૩માં ₹૪૭.૫૩ કરોડનો કન્સોલિડેટેડ ચોખ્ખો નફો કર્યો છે, જે અગાઉના વર્ષે ₹૫૦.૧૦ કરોડ હતો. સૂચિત ગાળામાં કંપનીની આવક અગાઉના વર્ષના ₹૧,૨૩૬.૪૭ કરોડથી વધીને ₹૧,૨૬૪.૭૯ કરોડ થઈ છે. કંપનીનો શેર બીએસઈ પર સોમવારે ૨.૬૧ ટકા વધીને ૬૬.૮૫ રૂપિયાના મથાળે બંધ રહ્યો હતો.

## જે કે ટાયરનો ચોખ્ખો નફો 61 ટકા ઘટ્યો

**નવી દિલ્હીઃ** જે કે ટાયર એન્ડ ઈન્ડસ્ટ્રીઝે ચોથા ત્રિમાસિક ગાળામાં ૬૦.૯૬ ટકાના ઘટાડા સાથે ₹૩૩.૭૦ કરોડનો ચોખ્ખો નફો કર્યો છે. અગાઉના વર્ષના સમાન ગાળામાં કંપનીનો ચોખ્ખો નફો ₹૮૬.૩૪ કરોડ હતો. સૂચિત ગાળામાં કંપનીનું ચોખ્ખું વેચાણ ₹૧,૩૭૭.૧૯ કરોડ રહ્યું છે, જે અગાઉના વર્ષના સમાન ગાળામાં ₹૧,૪૮૫.૩૯ કરોડ હતું. કંપનીએ વર્ષ ૨૦૧૨-'૧૩માં ₹૧૦૫.૫૪ કરોડનો ચોખ્ખો નફો કર્યો છે, જે અગાઉના વર્ષે ₹૧૧ કરોડ હતો. સૂચિત ગાળામાં કંપનીનું ચોખ્ખું વેચાણ અગાઉના વર્ષના સમાન ગાળાના ₹૫,૪૬૨.૦૧ કરોડથી વધીને ₹૫,૪૦૫.૫૮ કરોડ થયું છે. કંપનીએ શેર દીઠ ₹૩.૫૦નું ડિવિડન્ડ જાહેર કર્યું છે. જે કે ટાયરનો શેર બીએસઈ પર સોમવારે ૧.૮૨ ટકા વધીને ૧૧૭.૫૫ રૂપિયાના મથાળે બંધ રહ્યો હતો.

## જિંદાલ સોનો ત્રિમાસિક નફો 27 ટકા ઘટ્યો

**નવી દિલ્હીઃ** વેચાણમાં ૩૫ ટકાના ઘટાડાને પગલે ચોથા ત્રિમાસિક ગાળામાં જિંદાલ સોનો સ્ટેન્ડઅલોન ચોખ્ખો નફો ૨૭.૪૬ ટકા ઘટીને ₹૩૭.૦૮ કરોડ થયો છે. કંપનીએ ચોથા ત્રિમાસિક ગાળામાં કોન્સોલિડેટેડ આંકડા જાહેર કર્યા નથી. કંપનીનું ચોખ્ખું વેચાણ ૩૫.૫ ટકા ઘટીને ₹૯૭૯.૦૪ કરોડ રહ્યું છે, જે અગાઉના વર્ષના સમાન ગાળામાં ₹૧,૫૧૮ કરોડ હતું. કંપનીએ વર્ષ ૨૦૧૨-'૧૩માં બે અસાધારણ ખર્ચને પગલે ₹૧૮.૮૭ કરોડની ચોખ્ખી ખોટ કરી છે. કંપનીનું ચોખ્ખું વેચાણ ૧૨.૧૧ ટકા વધીને ₹૬,૭૫૫.૯૭ કરોડ થયું છે. શેર બીએસઈ પર સોમવારે ૧.૦૬ ટકા વધીને ૭૬.૬૦ રૂપિયાના મથાળે બંધ રહ્યો હતો.